# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

******************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું - સહિયારો સાંસ્કૃતિક વારસો અને લોકશાહી મૂલ્યો ભારત-મંગોલિયા સંબંધોનો પાયો.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બૂથ સ્તરના કાર્યકરો સાથે વાતચીતથી બિહાર વિધાનસભા ચૂંટણી પ્રચારનો આરંભ કરશે.

3) રાજસ્થાનના જેસલમેર નજીક એક એસી સ્લીપર બસમાં આગ લાગતાં વીસ લોકોના મોત - 15 ઘાયલ.

4) ભારત આજથી અમેરીકામાં આંતરરાષ્ટ્રીય ટપાલ સેવાઓ ફરી શરૂ કરશે.

5) આજથી રણજી ટ્રોફીની નવી સિઝનના પ્રથમ તબક્કાનો આરંભ.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MORN-MANGOLIA-PREZ--INDIA-PREZ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, સહિયારો સાંસ્કૃતિક વારસો અને લોકશાહી મૂલ્યો ભારત-મંગોલિયા સંબંધોનો પાયો છે. ગઈકાલે રાષ્ટ્રપતિ ભવનમાં મંગોલિયાના રાષ્ટ્રપ્રમુખ ખુરેલસુખ ઉખના અને તેમના પ્રતિનિધિમંડળનું સ્વાગત કરતા રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે, ભારત અને મોંગોલિયા વ્યૂહાત્મક ભાગીદારો, ત્રીજા પડોશી અને આધ્યાત્મિક પડોશી છે. તેમણે કહ્યું કે, છેલ્લા 25 વર્ષોમાં, ભારતે મંગોલિયામાં વિવિધ સાંસ્કૃતિક પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે, જેમાં બૌદ્ધ મઠોના પુનઃસ્થાપન અને પ્રાચીન હસ્તપ્રતોનું પુનઃમુદ્રણનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ પરના એમઓયુ સાંસ્કૃતિક વિનિમયને વધુ પ્રોત્સાહન આપવા માટે એક મજબૂત પાયો પૂરો પાડશે. તેમણે કહ્યું, ભારત મંગોલિયા સાથે તેના વિકાસ અને ક્ષમતા નિર્માણ ભાગીદારીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે.

બેઠક દરમિયાન, બંને નેતાઓ સંમત થયા કે બંને દેશોના લોકોને લાભદાયક સહકારના નવા અને સમકાલીન પરિમાણો ઉમેરીને બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને વધુ વિસ્તૃત કરાશે. રાષ્ટ્રપતિએ મંગોલિયન રાષ્ટ્રપ્રમુખના માનમાં ભોજન સમારંભનું પણ આયોજન કર્યું.

# PM-BIHAR ASSEMBLY ELECTIONS

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી આજે પાર્ટીના બૂથ સ્તરના કાર્યકરો સાથે વાતચીત સત્ર સાથે બિહાર વિધાનસભા ચૂંટણી માટે

તેમના પ્રચારની શરૂઆત કરશે. શ્રી મોદી મેરા બૂથ સબસે મજબૂત અભિયાન હેઠળ પાર્ટીના કાર્યકરો સાથે વાતચીત કરશે.

પાર્ટીએ ગઈકાલે બિહાર વિધાનસભા ચૂંટણી માટે 71 ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી. NDAના અન્ય સહયોગી, હિન્દુસ્તાની અવામ મોરચાએ પણ છ ઉમેદવારોની યાદી જાહેર કરી.

બીજી તરફ વિપક્ષમાં, CPI(ML) લિબરેશે રાજ્ય વિધાનસભા ચૂંટણી માટે 18 ઉમેદવારોની યાદી જાહેર કરી છે. દરમિયાન, રાષ્ટ્રીય જનતા દળ અને કોંગ્રેસ વચ્ચે બેઠક વહેંચણી અંગે કોઈ પ્રગતિ થઈ નથી.

# RAJASTHAN-ACCIDENT

રાજસ્થાનના જેસલમેર નજીક ગઈકાલે એક એસી સ્લીપર બસમાં આગ લાગતાં વીસ લોકોના મોત થયા હતા અને 15 લોકો ઘાયલ થયા હતા. આ ઘટના જેસલમેર-જોધપુર હાઇવે પર બપોરે 3:30 વાગ્યાની આસપાસ બની હતી. પોખરણના ધારાસભ્ય પ્રતાપ પુરીએ મીડિયાને જણાવ્યું કે શોર્ટ સર્કિટને કારણે આ અકસ્માત થયો હોવાનું માનવામાં આવે છે.

અકસ્માત સમયે બસમાં 50થી વધુ લોકો સવાર હતા. ઘાયલોને જોધપુરની મહાત્મા ગાંધી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જેસલમેર જિલ્લા કલેક્ટર પ્રતાપ સિંહે ગુમ થયેલા મુસાફરોના પરિવારજનોને જિલ્લા વહીવટીતંત્રનો સંપર્ક કરવા જણાવ્યું છે.

મુખ્યમંત્રી ભજન લાલ શર્માએ ગઈકાલે સાંજે અકસ્માત સ્થળની મુલાકાત લીધી હતી અને બાદમાં જોધપુર હોસ્પિટલમાં ઘાયલોને મળ્યા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અકસ્માત પર શોક વ્યક્ત કર્યો હતો અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ દુર્ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો અને ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી હતી. કેન્દ્ર સરકારે મૃતકોના પરિવારજનો માટે પ્રત્યેકને બે લાખ રૂપિયા અને ઘાયલોને પ્રત્યેકને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

# GST-GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ અને 22 સપ્ટેમ્બરના રોજ શરૂ કરાયેલ GST બચત મહોત્સવ સમાજના તમામ વર્ગોને લાભ આપી રહ્યો છે.

આજે અમે GST સુધારાઓ ગુજરાતના અર્થતંત્રને કેવી રીતે વેગ આપી રહ્યા છે તેનો અહેવાલ રજૂ કરીએ છીએ.

(V/C- SAKLEN—GST)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# IND-US-POSTAL-SERVICE

**ભારત આજથી અમેરીકામાં આંતરરાષ્ટ્રીય ટપાલ સેવાઓ ફરી શરૂ કરી રહ્યું છે. સંદેશાવ્યવહાર મંત્રાલયે એક પ્રકાશનમાં જણાવ્યું કે, ભારતીય ટપાલ વિભાગે અમેરિકન કસ્ટમ્સ અને સરહદ સુરક્ષા સાથે સંકલનમાં એક વ્યાપક સિસ્ટમ વિકાસ અને પાલન પદ્ધતિ સ્થાપિત કરી છે. આ નવી સિસ્ટમ કોઈપણ વધારાના ફી વિના સંપૂર્ણ નિયમનકારી પાલન, ઝડપી કસ્ટમ્સ ક્લિયરન્સ અને અમેરીકામાં સીમલેસ ટપાલ સેવા સુનિશ્ચિત કરશે.**

**અમેરીકા કસ્ટમ્સ વિભાગના આયાત ડ્યુટી વસૂલાત માટેના નવા નિયમો અને વહીવટી સૂચનાના પગલે અમેરીકામાં ટપાલ સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી.**

# GOOGLE - AI CENTRE

ગુગલે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં તેનું સૌથી મોટું કૃત્રિમ બુદ્ધિમત્તા-AI કેન્દ્ર સ્થાપિત કરવાની જાહેરાત કરી. આ માટે આગામી પાંચ વર્ષમાં 15 અબજ અમેરિકન ડોલરનું રોકાણ કરવાની જાહેરાત કરી છે.

આ જાહેરાત નવી દિલ્હીમાં આયોજિત 'ભારત AI શક્તિ' કાર્યક્રમ દરમિયાન કરવામાં આવી.

સાંભળીએ એક અહેવાલ

(V/C- AMAN-AI)

# UP-UJJWALA-DIWALI

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આજે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ મહિલા લાભાર્થીઓને વર્ષમાં બે વાર મફત રસોઈ ગેસ પૂરો પાડવા માટેની યોજના શરૂ કરશે. આનાથી તહેવારોની મોસમ દરમિયાન રાજ્યની અનેક મહિલાઓને રાહત મળશે.

નવી યોજના હેઠળ, દર વર્ષે બે વાર LPG સિલિન્ડર મફતમાં રિફિલ કરવામાં આવશે. પ્રથમ તબક્કો ઓક્ટોબરથી ડિસેમ્બર અને બીજો આગામી વર્ષના જાન્યુઆરીથી માર્ચ સુધી ચાલશે. રાજ્ય સરકાર 1500 કરોડ રૂપિયા ખર્ચ કરશે. પ્રથમ તબક્કામાં, આધાર-ચકાસાયેલ ઓળખ ધરાવતી 12.3 મિલિયન મહિલાઓને લાભ મળશે.

ઉત્તર પ્રદેશ આ યોજના લાગુ કરવામાં અગ્રણી રાજ્ય છે. રાજ્યમાં 18.6 મિલિયન પરિવારોને LPG કનેક્શન પહેલાથી જ પૂરા પાડવામાં આવ્યા છે.

# RANJI TROPHY

આજથી 91મી રણજી ટ્રોફીનો આરંભ થઇ રહ્યો છે. ઇલિટ ગૃપમાં 32 તથા પ્લેટ ગૃપમાં છ ટીમો ભાગ લેશે. આજે કાનપુરમાં ઉત્તર પ્રદેશ અને આન્ધ્ર પ્રદેશ વચ્ચે અને તામિલનાડુ વિરૂધ્ધ ઝારખંડની મેચ કોઇમ્બતુરમાં રમાશે.

રણજી ટ્રોફીનો પહેલો તબક્કો 15 થી 19 ઓક્ટોબર અને બીજો તબક્કો 16થી 19 નવેમ્બર રહેશે. યુવાન અને ઉભરતા ક્રિકેટરો માટે રણજી ટ્રોફીનો દેખાવ આંતરરાષ્ટ્રીય સ્તર પર મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ ઉપરાંત આગામી IPLની સિઝન માટે પણ રણજી ટ્રોફી મહત્વ પૂર્ણ ભૂમિકા અદા કરે છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં વિવિધ સમાચાર મુખ્ય શીર્ષકમાં જોવા મળી રહ્યા છે ગુજરાત સમાચારે google ભારતમાં રૂપિયા 1.33 લાખ કરોડનું રોકાણ કરશે આ સમાચારને મુખ્ય શીર્ષકમાં લીધા છે
- ફૂલછાબ લખે છે એ- ઇન્ડિયા ભારત બનશે સૌથી મોટું AI હબ નવ ગુજરાત સમયનું મુખ્ય શીર્ષક છે આપણે જૂના ઝઘડા નફરતને છોડી દઈએ:ટ્રમ્પ
- સંદેશ નું મુખ્ય શીર્ષક છે ચીનનો અમેરિકા પર પ્રહાર પોર્ટ ટેરીફ નાખી તત્કાળ લાગુ હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાએ ચલતી બસ મેં આગ ઉન્નીસ જિંદા જલે આ સમાચારને મુખ્ય મથાળું બનાવ્યું છે